
પ્રસ્તાવના.

આને "સુબોધપત્ર" એવું નામ શા કારણથી આપ્યું હશે ? આ પ્રશ્ન સહજ સર્વ કોઇને ઉઠયા વિના રહે નહિ; તો તે પ્રશ્નનો ઉત્તર આપવા માટેજ અમો આ પ્રસ્તાવનાની શરૂઆત કરીએ છીએ. પત્રો ઘણા લખાય છે અને ફાડી તોડી તેને પતગો માફક હવામાં ઉરાડવામાં આવે છે. ઘણા પત્રો એવા હોય છે કે જેને ફાઇલમાં રાખવામાં આવે છે. ત્યારે આ પત્રમાં કાંઇક અમોને બોધદાયક બીના લાગવાથી સાર્વજનીક હિત વિચારી સર્વે જજ્ઞાસુઓ માટે છપાવી પ્રસિદ્ધ કર્યો છે. જેનો સર્વે અધિકારી જનો લાભ લઇ અમોને કૃ

આ "સુબોધ પત્ર" શ્રીજગન્નાથપુરી ગોવર્ધન મઠના **श्रीमत् परम हंस परिव्राजकाचार्य श्री शंकर जगन्नाथ तीर्थ स्वामीजी महाराजे** સુજ્ઞ રા. બ, શેઠજી શ્રી વીસનજી ખીમજી જે. પી. ના બોધાર્થે શ્રી જગન્નાથ પુરીથી. સંવત ૧૯૬૬ ના મહાવદિ ૧૧ ને ચન્દ્રવારે. તા, ૭-૩-૧૯૧૦ ના રોજે લખી મોકલ્યો હતો.

લી.

પ્રકાશક.



श्री शंकर जगन्नाथ तीर्थ स्वामीजी महाराज

श्री गणेशाय नम:

અથશ્રી સુબોધ પત્ર.

जन्मदुःखंजरादुःखंनित्य दुःखं पुनः पुनः।
संसार सागरे दुःखं तस्माज्जागृही जागृही ॥

અર્થ—જન્મતાં અનેક પ્રકારનુ દુખ થાય છે, જરા અવસ્થામા પણ શરીર શિથિલ થાય છે, આંખે બરોબર દેખાતું નથી, કાને બરોબર સભળાતુ નથી, ખાધુ પચતુ નથી, દાત પડી ગયા હોય છે, ઇન્દ્રિઓ શિથિલ થઈ ગઇ હોય છે, તૃષ્ણાની તરૂણ અવસ્થા થાય છે, ધાર્યુ થઇ શકતુ નથી ઇત્યાદિ વૃદ્ધાવસ્થામા પણ અનેક પ્રકારનુ દુખ છે. વળી વારવાર જન્મવું અને મરવું એ મહા દુખ છે. સસાર સાગર છે તેમા સર્વદા દુખજ દુખ ને સુખ લેશ માત્ર નથી. સુખ ભાસ માત્ર તે પણ મિથ્યા છે. માટે હે ભાઇ! જાગો, જાગો શા માટે જાગતું એમ કહેશો તો કહ્યુ છે કે—

दुर्लभमेवै तद्देवानु ग्रहहेतुकम् ।
मनुष्यत्वं मुमुक्षुत्वं महापुरुषसंश्रयः ॥

અર્થ—મનુષ્યપણુ, મુમુક્ષુપણુ અને મહાત્મા પુરૂષનો સસર્ગ એ ત્રણ વાના દુર્લભ છે એ ત્રણવાના ઇશ્વરના અનુગ્રહથી મળે છે. આહાર, નિદ્રા, ભય અને મૈથુન એ સર્વ પશુ, પક્ષિ અને મનુષ્યોને

સમાન છે. તોપણ મનુષ્યમાં ધર્મ છે તે વિશેષ છે અને એ ધર્મ વિના પશુ સમાન છે માટે ધર્મવાન થવું તે મનુષ્યપણું છે. વિવેક, વૈરાગ, ષટ્સંપત્તિ અને મુમુક્ષુતા એ ચાર સાધન સંપન્ન થાય ત્યારે મુમુક્ષુપણું કહેવાય છે. સદ્‌વસ્તુનુ ગ્રહણ અને અસદ્‌વસ્તુનો ત્યાગ તે વિવેક, એ સદ્‌વસ્તુ પરમાત્મા અને અસદ્ વસ્તુ એથી અ-લગ સમગ્ર પદાર્થ છે. તેથી પરમાત્માનુ ગ્રહણ કરવું અને ઇતરનો ત્યાગ કરવો તે વિવેક, આ લોક અને પરલોકના સર્વ વિષયભોગનો કાગડાની વિષ્ઠાના ત્યાગની માફક ત્યાગ તે વૈરાગ, મનને કબજામા રાખવું તે શમ, ઇન્દ્રિઓને કબજે રાખવી તે દમ, ગુરૂ વેદાંતવાક્યમા વિશ્વાસ તે શ્રદ્ધા, ચિત્તની એકાગ્રતા તે સમાધાન, સ્વવર્ણાશ્રમ ધર્મનુ અનુષ્ઠાન તે ઉપરામ, વા ઉપરતિ અને ટાઢ તડકો, ભુખ, તૃષા, દ્વંદ્વધર્મ સુખ દુઃખાદિ સહન કરવા તે તિતિક્ષા તથા કેવળ મોક્ષની ઇચ્છા તે મુમુક્ષુતા છે.

स्ववर्णाश्रमधर्मेण तपसाहरि तोषणात्, ।
साधनं प्रभवेत् पुंसां वैराग्यादि चतुष्ठयम् ॥

અર્થ —પોતપોતાના વર્ણાશ્રમ ધર્મ વડે, તપ વડે અને ઇશ્વરની ભક્તિથી તેમની પ્રસન્નતાવડે પુરૂષોને વૈરાગ્યાદિ ચાર સાધન પ્રાપ્ત થાય છે વળી.

नृदेहमाद्यं दुर्लभं सुसुर्लभं, प्लवं सुकल्पं गुरुकर्णधारम् ।
मयानुकुले नभस्वते रितं पुमान् भवाब्धिंनतरेत्स आत्महा ॥

અર્થઃ—નર દેહ આદ્ય (મુખ્ય) દુર્લભ છે તે સુલભ કહેતાં મળેલ છે. સંસાર સાગર મનુષ્ય દેહમાં સમજે તો એક ખાબોચીઆ રૂપ છે અને ગુરૂરૂપી ખારવો મનુષ્ય શરીરરૂપી નાવ ચલાવવા માટે છે, તથા ઇશ્વર અનુગ્રહરૂપી મનુષ્યપણું, મુમુક્ષુપણું અને મહાત્મા પુરૂષનો સંસર્ગ એ ત્રણ વાનાં એ સર્વે મળ્યા છતાં પણ ભવસાગર તરવાને માટે યત્ન જો તે પુરૂષ ન કરે તો તેથી બીજો આત્મઘાતી કોઇ નથી. એ પુરૂષ આત્મઘાતીજ થાય છે.

આત્મઘાતી ન થવાય અને જન્મ મરણથી છુટી પરમાનંદની પ્રાપ્તિ થાય એવો ઉપાય શું છે? કારણ કે સર્વે સુખને ઇચ્છે છે. દુ:ખને ઇચ્છતા નથી અને તે અત્યંત સુખ તે અત્યંત દુઃખની નિવૃત્તિ અને પરમાનંદની પ્રાપ્તિ છે. માટે તે પ્રાપ્ત થવા જીજ્ઞાસા છે એમ કહેતા હો તો તેના ઉત્તરમા કહેવાનું એ છે જે.—

ज्ञानं विरागो नियमो यमश्च, स्वाध्याय वर्णाश्रम धर्म कर्म, ।
भक्ति परेशस्यसतां प्रसंगो, मोक्षस्य मार्गं प्रवदन्ति संतः ॥

અર્થ.—વિવેકજ્ઞાન, વિરાગ, નિયમ, યમ, સ્વાધ્યાય, વર્ણાશ્રમ, ધર્મ-કર્મ, ઇશ્વરની ભકિત અને સત્પુરૂષનો સત્સગ એ મોક્ષના માર્ગને સંતપુરૂષો કહે છે. એ સમગ્ર રસ્તો બતાવનાર ગુરૂ છે. ગુરૂ કોને કહે એમ જીજ્ઞાસા થતાં કહેવામાં આવે છે કે—

गुरवो बह्व सन्ति शिष्य वित्तापहारकाः ।
गुरवो दुर्लभासन्ति शिष्यसंताप हारकाः ॥

અર્થઃ—શિષ્યના વિત્ત (દ્રવ્ય) ને હરણ કરનારા ગુરૂ હાલમાં

દુનિયામાં ઘણા છે, પણ શિષ્યના સંતાપને દૂર કરનારા ગુરૂઓ દુર્લભ છે. ગુરૂ શબ્દ ગૃધાતુ ઉપરથી બનેલ છે. ગુરૂ શબ્દનો વ્યુત્પત્યર્થ —

गिरत्य ज्ञानं गृणाति उपदिशतिवा धर्ममसौ गुरुः ॥

અર્થ.—જે શિષ્યનું અજ્ઞાન નિવૃત્ત કરે છે અથવા ધર્મનો ઉપદેશ કરે છે તે ગુરૂ કહેવાય છે એવો થાય છે તથા શંકરાચાર્ય ભગવાને શ્રી વિષ્ણુસહસ્ર ભાષ્યમા

सर्व विद्यानामुपदेष्टत्वात् सर्वेषां जनकत्वाद्वा गुरुः ॥

અર્થ —સર્વ વિદ્યાઓના ઉપદેશ કરનાર તથા સર્વને ઉત્પન્ન કરનાર હોવાથી ગુરૂ કહેવાય છે એવો ઇશ્વરસૂચક ગુરૂ શબ્દનો અર્થ દર્શાવ્યો છે.

निषेकादीनि कर्माणियः करोति यथा विधि ।
संभावयतिचान्नेन सविप्रो गुरुरुच्यते ॥

અર્થ —શાસ્ત્રોક્ત વિધિ અનુસાર જે ગર્ભાધાનાદિ સંસ્કાર કર્મો કરે છે તથા અન્નાદિ વડે સંભાવના કરે છે તે વિપ્ર ગુરૂ કહેવાય છે. ઉપવિત સંસ્કાર કરી ગાયત્રી મંત્રનો ઉપદેશ કરનાર પિતા અથવા પિતાના અભાવે જ્યેષ્ઠ ભ્રાતા વગેરે તથા શિષ્યને ઉપનયન કરીને શૌચાચારના શિક્ષણ પૂર્વક ષડંગ વેદોનુ અધ્યયન કરાવનાર આચાર્ય, વૃદ્ધ, અગ્નિ, બ્રાહ્મણ અને અભ્યાગત, તથા વ્યવહારોપયોગી વિદ્યા કળા અને સદ્ગુણોના શિક્ષક એ સર્વ ગુરૂ શબ્દથી વ્યવહાર કરાય છે. અને તે સર્વે ન્યૂનાધિકપણાના ભેદથી દાન માન, અને વંદનાદિથી

પૂજ્ય મનાય છે. પૃથક્ પૃથક્ ગુણ કે કલાઓના શિક્ષણ અર્થે એક મનુષ્યના અનેક ગુરૂઓ થઇ શકે છે. ગુણ ગ્રાહી પુરૂષો જે જે પાત્રથી જે જે ગુણ ગ્રહણ કરે છે તે તે પાત્રમાં ગુણના પ્રમાણમાં ગુરૂભાવ માને છે. આજ ભેદથી દત્તાત્રિમુનિએ ચોવિસ ગુરૂ માન્યા હશે. ગુરૂ શબ્દનો આ એક સામાન્ય અર્થ દર્શાવ્યો. ઇહા મુત્ર સુખપ્રદ વિદ્યાઓ સાથે અથવા તે વિના માત્ર જન્મ મરણ રૂપ ચક્રના પરિવર્ત્તનમાથી મુક્ત કરવા મોક્ષદાયક બ્રહ્મવિદ્યાનો ઉપદેશ કરનાર, તે વિદ્યાના તત્ત્વના યથાર્થ ગ્રહણ ધારણની સ્થિતિ થવામા અપેક્ષિત અંતઃકરણની શુદ્ધિ અર્થે સાધ્યસાધનો સધાવનાર, સંપૂર્ણ શિષ્યત્વ યુક્ત અને શિષ્ટસંમત શાસ્ત્રવિધિ પૂર્વક શરણાગત ભવાનલ સંતપ્ત પીડિત શિષ્યના તનમનના બલાબલની પરિક્ષા કરી, અધિકારાનુસાર જ્ઞાન, સંયમ કે ભકિતની સિદ્ધિ સારૂ, નિદિધ્યાસ, વૃત્તિનિરોધ અને પ્રેમના સાધનની અનેક યુકિતઓમાથી યોગ્ય યુકિતનુ પ્રદાન કરી, સ્વરૂપાનુસંધાન, તત્ત્વ સાક્ષાત્કાર અને ઇષ્ટાભિમુખ વૃત્તિની અન્તિમ અવસ્થારૂપ પરમ ગતિ પમાડનાર વિરલ મહાત્મા સદ્‌ગુરૂ કહેવાય છે.

करुणा खड्गपातेन च्छित्वा पाशाष्टकं शिशोः ।
सम्यगानन्दजनकः सद्‌गुरु सोऽभिधीयते ॥

અર્થ—કરૂણા રૂપિ ખડગ પ્રહારવડે શરણાગત શિષ્યના આઠ પાસ રૂપી બંધનને કાપીને સમ્યક પ્રકારે આનંદ ઉત્પન્ન કરે છે તે સદ્‌ગુરૂ કેહેવાય છે, સદ્‌ગુરૂ પદને યોગ્ય મહા પુરૂષનો પ્રભાવ એવો છે કે, જેમના દ્રષ્ટિ સંનિપાતથીજ સમીપ રહેલ કે સહવાસી પામર વિષયીજનો પણ અમૂલ્ય લાભ મેળવે છે; તો તેમના નિરન્તર ચરણ

પંકજનું શ્રદ્ધા ભક્તિ પુરઃસર સેવન કરનાર જિજ્ઞાસુ મુમુક્ષુજનો ઉત્તમોત્તમ લાભ મેળવે, એમાં આશ્ચર્યજ નથી. સદ્ગુરૂના નામને સરખાવવા દ્રષ્ટાંત શોધિયે તો વિશ્વમાં પણ જડે તેમ નથી, કારણ કે લૌકિક ગુરૂથી ગુણ કલાકે વિદ્યાનું શિક્ષણ પામેલો શિષ્ય, ગુરૂથી કાંઈક પણ અંશે પણ અપૂર્ણ રેહે છે; પણ સદ્ગુરૂનો ઉપાસક તો સદ્ગુરૂ રૂપજ થાય છે માટેજ ભગવાન શંકરાચાર્યે કહ્યું છે કે,

दृष्टान्तो नैवदृष्ट स्त्रिभुवन जठरे सद्गुरोर्ज्ञानदातुः ।
स्पर्श श्चेत्तत्रकल्प्यः सनयति यदहो स्वर्णतामश्मसारम् ॥

અર્થ:—ત્રિલોકમાં જ્ઞાનનું પ્રદાન કરનાર ગુરૂના નામને ઉપમા આપવા લાયક દ્રષ્ટાત દુનિયામાં દીઠુંજ નથી; કદાપિ સ્પર્શ મણિની ઉપમા આપીએ, તો તે પણ ઘટતી નથી. કારણ કે સ્પર્શમણિ તો લોહને કાચન રૂપ કરે છે, પણ પોતા બરોબર સ્પર્શમણિ રૂપ બનાવી શકતો નથી, અને શ્રી સદ્ગુરૂ તો ચરણ યુગાશ્રિત પોતાના શિષ્યને પોતાના સમાનપણાને પમાડી શકે છે; માટે સ્પર્શમણિ આદિની ઉપમા તેમને યોગ્ય ન હોવાથી ગુરૂ નિરૂપમા અથવા અલૌકિક છે. એ પ્રમાણે ગુરૂ અને સદ્ગુરૂ એમ બે પ્રકારે છે. શિષ્યના કયા આઠ પાસ રૂપી બધન છે એમ જિજ્ઞાસા થયે તે કહેવામાં આવે છે કે ૧ દયા, ૨ શકા, ૩ ભય ૪ લજ્જા, ૫ નિંદા, ૬ કામ, ૭ ત્રિવિધ કર્મ, ૮ વાશના એ આઠ પાસ એટલે બધન કરતા છે. આઠપાસ સસારમા જીવને બધન કરી જન્મ મરણ પમાડે છે. એટલે જીવ પોતાના અજ્ઞાન વડે પોતે પોતાની મેળે બધાય છે, તે એવી રીતે કે જેમ કરોળીઓ પોતાની લાળથી પોતે પોતાની જાળમાં

બંધાય છે, અને દુઃખી થાય છે; તેમ જીવ રૂપી કરોળીઓ પોતાના અજ્ઞાન રૂપી લાળથી પોતે પોતાની મેળે સસારની અષ્ટ પાસ રૂપી જાળથી .બધાય છે, અને દુ.ખી થાય છે. સંસાર કોને કહે છે સસાર શુ ચિજ છે, જેથી તેમાં બંધાય છે એમ જિજ્ઞાસા થયે કહેવાય છે કે જીવે રચેલી માયા કેહેતા સૃષ્ટિ તે સંસાર સૃષ્ટિ કેટલા પ્રકારની છે એમ જિજ્ઞાસા થયે કહેવાય છે જે સૃષ્ટિ બે પ્રકારની છે એક ઇશ્વર રચિત સૃષ્ટિ અને બીજી જીવ રચિત સૃષ્ટિ છે. તેમાં ઇશ્વર રચિત આ જગત છે તેમાં જીવે રચેલી સૃષ્ટિ તેજ સસાર છે. તે એ કે ઇશ્વર રચિત સૃષ્ટિમાં અહંમ મતવકરી કોઇને પોતાનો બાપ, ભાઈ કાકો, દાદો, પુત્ર, પુત્રી, દાદી, કાકી, ભોજાઇ, મા, મામો, મામી, ફુઓ ફોઈ, બેન બનેવી વગેરે પોતાના બનાવ્યા, ઘર, વાડી, વજીફા ઝાડ, પહાડ, પાણી શરીર, મન બુદ્ધિ, ઇન્દ્રિયાદિ સર્વે પોતાના બનાવ્યા.

દ્રવ્ય, કર્મ, પદાર્થ પોતાના બનાવ્યાં અને પોતે, બાપ, ભાઈ, કાકો, દાદો, પુત્ર, પિતા, પિતામહ, પતિ, મામો, ભાણેજ, માલિક આદિ બની, પોતે તેમા અષ્ટ પાસ જાળ બનાવી તેમાં બધાયો છે. પોતે પોતે આપ કહો છો તે પોતે કોણ એમ જિજ્ઞાસા થતા કહુ છું કે જીવ તેજ આપ પોતે છે. જીવ કોને કહે છે તે જીજ્ઞાસા થયે કહેવાય છે જે. ચૈતન્ય અજ્ઞાન યુક્ત અવિદ્યાના વશ થઈ જીવ થયેલ છે. ઈશ્વર શુ એમ જિજ્ઞાસા થયે કહેવાય છે જે વિદ્યાયુકત ચૈતન્ય માયાને પોતાને વશ રાખે છે પણ તે માયાના વશ થના નથી તે ઈશ્વર છે, અને તે કલેશ, કર્મ વિપાક, આશય એઓથી અપરાજિત જે પુરૂષ જ્ઞાનિ તેનાથી પણ વિશેષ એટલે ત્રણે કાલમા જેને અજ્ઞા-ન નથી તે ઈશ્વર સર્વ જગત નિયંતા એટલે સર્વેને નિયમમાં રાખી

તેમના એટલે જીવના કર્મ ફળ પ્રદાતા છે. જીવે જે જે કાકા, દાદા, મામા, મા, બેન, ભાઈ પુત્ર, પુત્રી વગેરે જેને બનાવેલા છે અને તે સર્વે સ્વાર્થિયા છે અને તેઓ સ્વાર્થ લગી સગાઈ રાખનારા છે તથા કેવળ દુખ દેનારા છે. દુખ દેનારા કેવી રીતે છે એમ જિજ્ઞાસા થતાં કેહેવામા આવે છે જે શરીર, સ્ત્રી, ધન, પુત્ર, ગૃહ (ઘર) આદિ દુખજ દેનાર છે તેમા શરીર, વિષે વિષ્ણુ પુરાણમા કહેલ છે.

मांस सृक्पूयविण्मुत्रस्नायुमज्जास्थि संहतौ,
देहेचेत् प्रीतिमान्मूढो भविता नरके पिसा ॥

અર્થ —હે મૂઢ પુરૂષ! માસ, રૂધિર, પૂય, વિષ્ટા મૂત્ર, નાડી, મજ્જા, અસ્થિ (હાડકા) ઈત્યાદિ મલિન પદાર્થોના સમૂહ રૂપ શરીર વિષે જો તુ પ્રીતિ કરે છે, તો કહેલ પદાર્થો એ યુકત જે નરક છે, તેમા તારી પ્રીતિ થવી જોઇએ (અર્થાત એ નરકમા પ્રીતિ નથી થતી તો આ શરીર પણ મળ રૂપ નરકજ છે તો એમા પ્રીતિ શા માટે કરાય છે.) શરીર વિષે પ્રીતિ નજ કરવી જોઇએ વળી યજુર્વેદની મૈત્રાયણી શાખામા પણ કહ્યુ છે કે.

भगवन्नस्थि चर्मस्नायु मज्जामांस शुक्रशोणित श्लेष्मा श्रुदूषिका दूषिते विण्मूत्र वातपित्त संघाते दुर्गंधे निःसारे ऽस्मिन् शरीरे किंकामोपभोगैः ॥

અર્થ — હે ભગવાન! અસ્થિ, ચર્મ સ્નાયુ (નાડિયો) મજ્જા, માંસ, શુક્ર, (વિર્ય) શોણિત (લોહી) શ્લેષ્માદિક દૂષણોએ દૂષિત, અને વિષ્ટા મૂત્ર, વાત, પિત્તાદિકોના સમૂહભૂત તથા નિસાર

દુર્ગંધિ યુક્ત આ શરીરમા અમારે ભોગોથી શુ પ્રયોજન છે ? (અર્થાત્ શરીરમાં ભોગોથી કાંઈ પણ પ્રયોજન નથી) તો પછી તેમા અભિમાન કરવું અગર પોતાનુ માનવું એ કેટલી મૂર્ખતા ગણાય ? શરીર કાળે કાળો, શરીર ધોળે ધોળો, શરીર દુબળે દુબળો, શરીર જાડે જાડો, માની અને શરીરમય તથા ઈન્દ્રીયોમય થઈ જવાથી એના દુખે દુખી. એના સુખે સુખી, એના નાશેનાશ, માનવાથી નાહકના દુખી થવાય છે પોતાને નહીં છતાં પોતાને માનવાથી દુખજ થાય છે કારણ કે એઓ દુખનાજ ઘર છે, અને અસ્થિર નાશવાન છે તો એઓના રેહેવાથીએ દુખ અને જવાથીએ દુખજ છે, નાશવાન પદાર્થથી સ્નેહ બાધવાથી પણ દુખજ છે. ત્યારે સ્ત્રી સુખકારક હશે એમ કહેવુ પણ બને તેમ નથી યોગવશિષ્ટમા રામચંદ્રજીએ પણ કહેલ છે જે—

मांसपुतलिकायास्तु यंत्रलोलेंग पंजरे ।
स्नाय्वस्थि ग्रन्थि शालिन्यः स्त्रियः किमिव शोभनम् ॥
त्वङ्मांसरक्त बाष्पांबुपृथक्कृत्वाविलोचने ।
समालोकय रम्यंचेत् किंमुधा परि मुह्यसि ॥

અર્થ—સ્નાયુ, મજ્જા, અસ્થિ આદિકોના સંચયરૂપ, સ્તનાદિક ગ્રંથિયોએ યુક્ત જે માસની પુતલીરૂપ સ્ત્રી છે, તેના યંત્રની માફક ચંચલ અવયવોના સમૂહરૂપ શરીરમા કયો પદાર્થ રમણિય છે ? અર્થાત્ કોઈ પણ રમણિય નથી. તથા હે મૂઢ પુરૂષ ! તુ સ્ત્રીના શરીરમાં ત્વચા, માંસ, રૂધિર, અશ્રુ, (આસુ) નેત્રાદિક પદાર્થોને પૃથક્પૃથક્

(જુદા જુદાં) કરીને જાતો તેમાં ક્યી વસ્તુ સુંદર છે? અને જો નથી તો શા માટે મોહ પામે છે. મોમાં જુઓ તો થુંક લાળ, આખમા ચીપડા, કાનમાં મેલ, નાકમાં શેડો (લીટ) શિશ્નમા પેસાબ, ગુદમાં વિષ્ઠા, હાડકાં, માસ, ચામડાં, વાળ એ બધા પડયાં હોય તો ચિત્રી ચડે એવાં પદાર્થો છે તો તેમાં મોહ પામવા જેતું નથી. વળી એ રાણી સરકાર હુકમ ચલાવનાર છે અને પોતાનો સ્વાર્થ સાધી લેનાર પુરૂષથી બમણા ખોરાકવાળી, પુરૂષથી આઠ ગણા કામવાળી, છળી, કપટી વગેરે દૂષણોએ યુક્ત સાક્ષાત્ માયાની મૂર્તીજ સ્ત્રી છે અને તેનાથી સુખ છેજ નહીં સુખ માને ભલે પણ દુખજ છે. કહેવત છે કે 'વણ્ પરણ્યો પરણવા ચહે, પરણ્યો તજવા ચહાય, લકડ લાડુ ખાય તે, ન ખાય તે પસ્તાય." એ પ્રમાણે છે, હાવભાવ કરી પોતાના ફંદામા ફસાવી પોતાનો કામ સ્વાર્થાદિ સાધી નરકમાજ નાખનાર છે. ત્યારે ધન તો સુખકારક છે એમ જો કહેવામા આવે તો તે પણ્ દુખકારકજ છે, સુખકારક છેજ નહીં પચદશીમા વિદ્યારણ્ય સ્વામિયે કહેલ છે જે—

अर्थानामर्जने क्लेशस्तथैवपरिपालने ।
नष्टे दुःखं व्यये दुःखं धिगर्थान् क्लेशकारिणः ॥

અર્થ—પ્રથમ તો ધનના સંચય કરવામાંજ પરાધીનના આદિક અનેક કલેશો (દુખો) ની પ્રાપ્તિ થાય છે; ફરી તેના રક્ષણ કરવામા પણ્ રાત્રી જાગરણાદિ અનેક દુખ થાય છે; તથા તેનો વ્યય (ખર્ચ) અથવા નાશ થવાથી તો અત્યંતજ કલેશ થાય છે. એ પ્રમાણે દુખ દેનારા ધનને ધિક્કાર છે, અને તેના સંગ્રહ કરનારા

પુરૂષોને પણ ધિક્કાર છે. કેમ કે દ્રવ્ય એકઠું કરવામા જે દુખ, અપમાન, ભુખ, તરશ વગેરેનું દુઃખ પરાધીન થઈ સેહેવુ પડે છે પોતાને, અને તેની મોજમજાહ તો બાઈડી છોકરાં માણે છે. પોતે તો કેવળ વૈંતરારૂપ (મજુર) વગર દામનો તન મન ધનથી કામ કરનાર તેમનો ગુલામ છે. તેમનો હુકમ શિરષા વંદ્ય ઉઠાવી લેવાય છે અને દુખજ પમાય છે. વળી રક્ષણમા પણ રાત્રી જાગરણ, ચોકી, પેહેરા, કોર્ટમા દાવો બાંધવા તેમાં વળી સાક્ષી પુરાવા વગેરે કરતા પણ હુકમનામુ થયું અગર ન થયું, કદાપિ હુકમનામું થયું તોપણ તે શા કામનુ, તેની પાસે હોય તો તે જપ્તી વગેરે કરવામાં હાથ લાગવું પુરેપુરૂં મુસ્કેલ, અને ન હોય તો તો જપ્તી કરીને એ કાંઈ મળે નહીં, અને હેરાન થવું નફામાં રહે વળી હોય ને ચાલ્યું જાય તો અત્યંત કલેશ અથવા આવક ઉપરાત ખર્ચ થઈ જાય તો પણ દુઃખજ થાય છે દુખ દુઃખને દુખજ છે ત્યારે પુત્ર સુખરૂપ હશે એમ કહે તો તે પણ સુખરૂપ નથી. પંચદશીમાં કહ્યુ છે કે—

अलभ्यमानस्तनयः पितरौ क्लेशयेच्चिरम्, ।
लब्धोपिगर्भपातेन, प्रसवेच बाधते ॥
जातस्य गृहरोगादि, कुमारस्य च मूर्खता ।
उपनीतेप्य विद्यत्व मनुद्वाहश्च पंडिते ॥
पुनश्चपरदारादि दारिद्र्यं च कुटुंबिनः ।
पित्रोर्दुःखस्यनास्त्यंतो धनी चेन्म्रियते तदा ॥

અર્થ—પ્રથમ તો પુત્રની અપ્રાપ્તિ સમયે મંત્ર, યંત્ર, પીંપળાનું

પૂજનાદિક પ્રયત્નો વડે માતા પિતાને અનેક ક્લેશ (દુઃખ) થાય છે; અને પ્રાપ્તિ થયા પછી જો ગર્ભપાત થઈ જાય તો પણ ક્લેશ થાય છે. વળી તેના જન્મકાળમા પણ અત્યંત પીડા થાય છે, તથા જન્મ્યા પછી શનૈશ્ચરાદિ ગ્રહોની પીડા અને દાતનુ ઉગવુ તથા પડવુ, શીતલા આદિક રોગોથી દુઃખ થાય છે, ફરી કુમાર અવસ્થામાં મૂર્ખતાથી દુઃખ, ઉપનયન (યજ્ઞોપવિત) કર્યા પછી અવિદ્યાવાન હોવાથી દુઃખ, અને વિદ્યાવાન થયે પણ ફરી પર સ્ત્રી ગમનાદિકોએ દુઃખ થાય છે, અને વળી કુટુંબવાન થવાથી દરિદ્રીપણાથી ક્લેશ થાય છે, અને જો ધનવાન થાય તો તેના મરણથી દુઃખ થાય છે. એ રીતે માતા પિતાને મરણ પર્યંત પણ દુઃખનો અંત આવતો નથી. ત્યારે ઘર સુખદાયક છે એમ કહો તો તે પણ સુખદાયક નથી ગૃહ (ઘર) પણ દુઃખદાયક છે એમ ભાગવતના એકાદશ સ્કંધમા રાજા યદુનાપ્રતિ દત્તાત્રેય ભગવાને કહેલ છે કે—

गृहारंभोहि दुःखायनसुखाय कदाचनः ।
सर्पः परकृतं वेश्म प्रविश्य सुख मेधते ॥

અર્થ—હે રાજન્ ગૃહનો આરંભ કરવો તે કેવળ દુઃખનોજ હેતુ છે. કેમ કે જે પુરૂષ ઘર (ગૃહ) બનાવે છે, તેજ તેના વૃદ્ધિ નાશાદિક જન્ય ક્લેશનો અનુભવ કરે છે, અને જે ઘરનો આરંભ ન કરવો તે પરમ સુખનો હેતુ છે, કેમ કે જેમ સર્પ અન્ય રચિત ઘરમા (દરમા) નિવાસ કરીને સુખ પામે છે, તેમ વિરક્ત પુરૂષ પણ અન્ય રચિત ગૃહાદિક સ્થાનમા નિવાસ કરીને સુખ પામે છે.

એ પ્રમાણે મિત્ર ક્ષેત્રાદિક પદાર્થોમાં યથાયોગ્ય જોતાં દુઃખ છે,

માટે સર્વે સ્ત્રી ધનાદિક દુઃખરૂપ છે, એમ દેખીને મુમુક્ષુ પુરૂષે સર્વનો પરિત્યાગ કરવો યોગ્ય છે, એ વાત પંચદશીમાં કહેલ છે કે—

संगीहि बाधते लोके निःसंगः सुखमश्नुते ।
तस्मात्संगः परित्याज्यः सर्वदा सुख मिच्छता ॥

અર્થ—જે પુરૂષ સ્ત્રી પુત્રાદિક વિષે આશક્ત થયો તેનો પરિત્યાગ નથી કરતો તે તેના હાનિ વૃદ્ધિ ઉત્પત્તિ નાશાદિક જન્ય કલેશને પામે છે, અને જે આશકિતયે રહિત થઈ તે સર્વનો પરિત્યાગ કરે છે, તે સમાધિ જન્ય પરમ સુખનો અનુભવ કરે છે માટેજ જે પુરૂષને પરમ સુખની ઈચ્છા હોય તેણે સર્વદા સર્વસંગ પરિત્યાગ કરવો જોઇએ તથા શ્રુતિમાં પણ કહ્યુ છે કે—

नकर्मणा नप्रजया धनेन त्यागेनैके ऽमृतत्वमानशुः ॥

અર્થઃ—યજ્ઞાદિક કર્મ કરીને અને પ્રજા વડે તથા ઘણા ધનવડે પણ મોક્ષની પ્રાપ્તિ થતી નથી. પણ એક ત્યાગ વડેજ થાય છે. ત્યાગ કર્યા વિના મોક્ષ સુખની ઈચ્છા કરે તો તે સુખ થાય કે નહી એમ જિજ્ઞાસા થયે કહેવાય છે જે સર્વનો ત્યાગ કર્યા વિના ઘરમાં રહીને જે યોગસિદ્ધિ (મોક્ષ) ની ઇચ્છા કરે તે મૂર્ખ છે એ વાત અન્ય ગ્રંથમાં પણ કહેલ છે જે—

मातुरंक गतो बालो गृहीतुं चन्द्रमिच्छति ।
यथायोगं तथा योगी संत्यागेन विनाऽबुधः ॥

અર્થઃ—જેમ માના ખોળામાં બેઠેલો મૂઢ બાળક ચંદ્રમાને "પકડવાની ઇચ્છા કરે છે તેમ જે સાધક પુરૂષ સર્વનો પરિત્યાગ

કર્યા વિના યોગ સિદ્ધિના ઇચ્છા કરે છે તે પણ બાળકની માફક મૂર્ખજ છે. સાખ્ય સૂત્રમાં કપિલ ભગવાને પણ કહ્યું છે જે—

विरक्तस्य तत्सिद्धिः ॥

અર્થ—વૈરાગવાન પુરૂષનેજ યોગની સિદ્ધિ થાય છે તથા યોગ સુત્રમાં પતંજલિ ભગવાને પણ કહ્યું છે જે—

तीव्रसंवेगाना म सन्नः ॥

અર્થ—તીવ્ર વરાગવાન પુરૂષનેજ જલદી યોગની સિદ્ધિ થાય છે. તથા સુરેશ્વરાચાર્યે પણ કહ્યું છે જે—

इहामुत्र विरक्तस्य संसारं मजिहासतः ।
जिज्ञासो रेवकस्यापि योगेस्मिन्नधिकारिता ॥

અર્થ.—જે આ લોક અને પરલોકના વિષયોથી વિરકત અને જન્મ મરણરૂપ સસારની નિવૃત્તિની ઇચ્છાવાન જે જિજ્ઞાસુ પુરૂષ છે, તે ચાહે કોઇ વર્ણમા હોય તોપણ તેનો યોગાભ્યાસમાં અધિકાર છે વિષયોથી વિરક્ત ક્યારે થવાય તે કહેવામાં આવે છે કે, જ્યારે વિષયોમા દોષ દર્શન થાય ત્યારેજ વૈરાગ થાય છે. કહ્યું છે કે—

दोष दर्शना दुभयोः ॥

અર્થ—વિષય તથા વિષયના પદાર્થમા જ્યારે દોષ દર્શન થાય ત્યારે પર અને અપર વૈરાગ એમ બે પ્રકારના વૈરાગ પ્રાપ્ત થાય છે. વૈરાગનુ સ્વરૂપ શું એમ જિજ્ઞાશા થયે કહેવાય છે કે—

ब्रह्मादि स्थाव ।न्तषु वैराग्यं विषयष्व. ।

यथैव काक विष्ठायां वैराग्यं तद्धि निर्म्मलम् ॥

અર્થ—જેમ સંસારી પુરૂષ કાગડાની વિષ્ઠામાં ધૃણા કરે છે, તેમ બ્રહ્માની આદિ લેઇને સ્થાવર પર્યંત વિષયોમાં જે વૈરાગ્ય કરવો છે તેજ નિર્મળ વૈરાગ છે વૈરાગનું કારણ વિવેક છે તે જાણવા માટે વિવેકનુ સ્વરૂપ એ પ્રમાણે છે કે—

नित्य मात्मस्वरूपंहि दृश्यं तद्विपरीतगम् ।

एवंयो निश्चयः सम्यग्विवेको वस्तुनः सवै ॥

અર્થ—આત્મા નિત્ય છે અને જે કાઇ સસારની વસ્તુ દેખવામા આવે છે તે અનિત્ય છે. એ પ્રમાણે રૂડી રીતે જે પુરૂષને નિશ્ચય થયો છે તે વસ્તુનો વિવેક કહેવાય છે શમ તથા દમનું સ્વરૂપ પણ આ પ્રમાણે કહેલ છે જે—

सदैववासनात्यागः शमोयमितिशब्दितः ।

निग्रहो वाह्यवृत्तीनां दमइत्यभिधीयते ॥

અર્થ—સંસારની વાસનાનો ત્યાગ કરવો તે શમ કહેવાય છે, અને બાહ્ય વૃત્તિઓને રોકી લેવી કહેતા નાશિકાદિ ઇન્દ્રિયોને ગંધાદિક વિષયોથી છેડાવી વશ કરી લેવી તેનુ નામ દમ છે. ઉપરામ વા ઉપરતિ અને તિતિક્ષાનુ લક્ષણ આ પ્રમાણે કહેલ છે જે—

विषयेभ्यः परावृत्तिः परमोपरतींर्हिसा ।

सहनंसर्वदुःखानां तितिक्षा सा शुभामता ॥

અર્થ:—વિષયોથી અત્યંત ચિત્તને છેડાવી લેવાનું નામ ઉપરામ

વા ઉપરતિ છે, અને સંપૂર્ણ પ્રકારનાં દુખોને સહી લેવાં તે તિતિક્ષા કહેવાય છે તથા શ્રદ્ધા અને સમાધાનનુ સ્વરૂપ આ પ્રમાણે કહેલ છે જે —

निगमाचार्य वाक्येषु भक्तिः श्रद्धेति विश्रुता ।
चितैकाग्र्यन्तु सल्लक्ष्ये समाधानमिति स्मृतम् ॥

અર્થ —વેદશાસ્ત્ર પુરાણ અને ગુરૂનાં વાકયોમાં જે ભક્તિ કરવી છે તે શ્રદ્ધા કહેવાય છે, અને શબ્દાદિ વિષયોથી અંતઃકરણને હઠાવીને મોક્ષોપકારક શ્રવણ, મનન, નિદિધ્યાસનદ્વારા નિરંતર નિત્ય અનિત્ય ।। વિચારને સમાધાન કહે છે અને મુમુક્ષુતાનુ સ્વરૂપ આ પ્રમાણે કહેલ છે જે —

संसार बन्धनिर्मुक्तिः कथं मेस्या कदाविधे ।
इतियासुदृढा बुध्धि र्वक्तव्यासा मुमुक्षुता ॥

અર્થ —હે ભગવન ! મારે સંસાર બંધનથી નિર્મુક્તિ કહેતા અનેક યોનિ સંબંધિ નિવૃત્તિ કયારે અને કેવે પ્રકારે થાય એ પ્રમાણે જે બુદ્ધિ થવી તેનુ નામ મુમુક્ષુતા કહેવાય છે. એ પ્રમાણે ઉપર કહેલા વૈરાગ્યાદિ સાધનો વડે યુક્ત પોતાનુ શુભ ઇચ્છવાવાળા પુરૂષે જ્ઞાનની સિદ્ધિને માટે વિચાર કરવા યોગ્ય છે સાધનોવડે યુક્ત કહેવાનું કારણ એ છે જે **शांत दांत** શ્રુતિ છે અર્થાત્ શમ, દમ, યુક્ત પુરૂષ વેદાન્તનો અધિકારી થાય છે. એજ પ્રમાણે બીજે પણ કહેલ છે જે —

प्रशान्त चित्ताय जितेन्द्रियाय प्रक्षीण दोषाय यथोक्त कारिणे ।

गुणान्विताया गतायसर्वदा प्रदेयमेतत् सकलं मुमुक्षवे ॥

અર્થ.—શાંત, ચિત્ત, જિતેંદ્રિય, દોષરહિત, શાસ્ત્રોક્ત કર્મ કરવાવાળો શાસ્ત્રોક્ત ગુણોએ યુક્ત, શુભ આચરણ કરવાવાળો, તથા મોક્ષની ઇચ્છા કરવાવાળા પુરૂષને આ શાસ્ત્ર દેવું જોઇએ હવે જીવને અજ્ઞાન છે તે અજ્ઞાનને દૂર કરવા માટે જ્ઞાનની આવશ્યકતા છે તે કહેવામાં આવે છે જે.—

श्रुतिः ऋतेज्ञानान्न मुक्तिः । ज्ञानादेवतुकैवल्यम् ॥

અર્થ—જ્ઞાન વિના મોક્ષ (મુક્તિ) નથી, જ્ઞાનથીજ કૈવલ્ય (મોક્ષ) ની પ્રાપ્તિ થાય છે અને એ જ્ઞાન વિચાર વિના ઉત્પન્ન થતુ નથી માટે વિચારની આવશ્યકતા જરૂર છે એ પ્રમાણે કહેલ છે જે—

नोत्पद्यते विनाज्ञानं विचारेणा न्यसाधनैः ।
यथा पदार्थ भानंहि प्रकाशेन विनाक्वचित्त ॥

અર્થ—વિચાર વિના અન્ય સાધનોવડે જ્ઞાન ઉત્પન્ન થતું નથી, જેમ સૂર્ય દીપક ઇત્યાદિકોના પ્રકાશ વિના ક્યાહી પણ ઘડો, લગડુ ઇત્યાદિક પદાર્થોનુ ભાન થતુ નથી. ત્યારે એ વિચાર શુ કરવો એવી જિજ્ઞાસા થતા કહે છે જે—

कोऽहं कथमिदं जातंकोवै कर्तास्य विद्यते ।
उपादानं क्रिमस्तीह विचारः सोऽयमीदृशः ॥

અર્થ— કોણ છું ? આ સંસાર કેવી રીતે ઉત્પન્ન થયો ?

આ જગતનો કર્ત્તા કોણ છે ? અને સંસારનું ઉપાદાન કારણ કોણ છે ? એવી રીતે જે વિચાર કરવો છે તે વિચાર છે. જ્ઞાન પૂર્વક વિચાર થાય છે તે કહે છે—

नाहं भूतगणो देहो नाहं चाक्षगणस्तथा ।
एतद्विलक्षणः कश्चिद्विचारः सोऽयमीदृशः ॥

અર્થ—હું ભૂતગણ સમષ્ટિરૂપ દેહ નથી, હું સમષ્ટિરૂપ ઇન્દ્રિયોનો સમૂહ નથી એથી વિલક્ષણ કોઇ હું છું એમ વિચાર કરવો તે વિચાર છે હવે સંસાર કેવી રીતે ઉત્પન્ન થયો તે કહેવાય છે જે—

अज्ञानात्प्रभवं सर्वं ज्ञानेनप्रविलीयते ।
संकल्पोविविधः कर्त्ता विचारः सोऽयमीदृशः ॥

અર્થ—સમસ્ત જગત અજ્ઞાનથી ઉત્પન્ન થયું છે, (સ્વરૂપનું અજ્ઞાન હોય છે, ત્યારે આ સંસારની કલ્પના થાય છે.) જ્ઞાન થાય છે ત્યારે નષ્ટ પ્રાય માલુમ પડે છે અર્થાત્ જ્ઞાનનો પ્રકાશ થવાથી સ્વસ્વરૂપ જણાય છે તે કારણથી પુરૂષને સંકલ્પ વિકલ્પ થતો નથી. અનેક પ્રકારના જે સંકલ્પ છે તે આ સંસારનો કર્ત્તા છે એ પ્રકારે જે ચિંતવન છે તે વિચાર છે હવે આ જગતનો કર્ત્તા કોણ છે તે કહેવાય છે—

एतयोर्यदुपादानमेकं सूक्ष्मं सदव्ययम् ।
यथैव मद्घटादीनां विचारः सोऽयमीदृशः ॥

અર્થ—જેમ મૃતિકા ઘડાનું ઉપાદાન કારણ છે, અને સુવર્ણ કડાં કુંડલાદિકનું ઉપાદાન કારણ છે તેમ જે એક સૂક્ષ્મ, સત્ય સ્વ-

રૂપ, અવિનાશી, (અજ્ઞાન અને સંકલ્પ એઓ એનુ) જે ઉપાદાન કારણ છે તે આ જગતનું કારણ છે એનું જે નિરૂપણ છે તે વિચાર કહેવાય છે. હવે હું કેવો છું તે કહે છેઃ—

अ मकोपि सूक्ष्मश्च ज्ञातासाक्षी सदव्ययः ।
तदहं नात्रसंदेहो विचारः सोऽयमीदृशः ॥

અર્થઃ—અહં શબ્દવડે કરીને પ્રતિપાદન કરવા યોગ્ય અર્થાત્ હું આત્મા અદ્વિતીય, અતિ સૂક્ષ્મ, જાણવાવાળો, સર્વસાક્ષી, નિત્ય અને અવિનાશી છું એમા કાંઇ પણ સંદેહ નથી. એ પ્રમાણે જે તત્ત્વનિર્ણય છે તે વિચાર કહેવાય છે. અજ્ઞાન શુ તે કહે છે—

आत्मा विनिष्कलोह्येको देहो बहुभिरावृतः ।
तयोरैक्यं मपश्यन्ति किमज्ञानमतः परम् ॥

અર્થઃ—હુ (અહંપ્રત્યય જાણવાયોગ્ય) આત્મા (જાગ્રદાદિ સર્વ અવસ્થામાં સતત ભાવવડે રહે છે તે આત્મા) અવસ્થા ત્રય-ભાવાભાવ સાક્ષીપણા વડે સત્ય જ્ઞાનાદિ સ્વરૂપ તે ત્વંપદ લક્ષ્યાર્થ છતા તત્પદ લક્ષ્યાર્થજ નિરવયવછુ, તે કારણ માટે હું એકછુ, અને સ્થુળ દેહ ઘણા અવયવોથી બનેલ છે તેમ સૂક્ષ્મ શરીર પણ શ્રોત્રાદિ બુદ્ધિ સુધી સતર તત્વવડે આચ્છાદિત તેઓનો સમૂહ છે, તેથી તે પણ સાવયવ હોવાથી બનેલ છે તોપણ સંસાર બંધનમાં ફસેલો પુરૂષ (જ્ઞાનેન્દ્રિય, પંચક, કર્મેંદ્રિય પચક, અંતઃકરણ ચતુષ્ટય, પ્રાણાદિ પંચક, ભૂતપંચક, કામ, ત્રિવિધ કર્મ અને વાસના એ આઠ પુરીને વિષે રહેનાર (શયન કરનાર જીવ) આત્મા અને દેહની એ-

કલ્પના કરીને વ્યવહાર કરે છે. એથી અધિક વિશેષ અજ્ઞાન શું છે? અર્થાત્ એજ અજ્ઞાન છે. વળી

आत्मा नियामकश्चान्तर्देहोबाह्यो नियम्यकः ।
तयोरैक्यं प्रपश्यन्ति किमज्ञानमतः परम् ॥

અર્થ—આત્મા અંદર રહેલો છે અને પ્રેરણા કરવાવાળો છે. દેહ બહાર અને પ્રેરાયલો છે તોપણ સંસારબંધનમાં ફસાયેલો અજ્ઞાની પુરૂષ દેહ અને આત્માની એકતા કરે છે. એથી અજ્ઞાન બીજું કયું છે?

आत्माज्ञानमयः पुण्यो देहोमांस मयोऽशुचिः ।
तयोरैक्यं प्रपश्यन्ति किमज्ञानमतः परम् ॥

અર્થ—આત્મા જ્ઞાનમય છે પવિત્ર છે, અને દેહ માંસ, રૂધિર, હાડકા, ચરબી ઇત્યાદિએ બનેલ છે તે કારણ માટે અપવિત્ર છે. તો પણ સંસાર બંધનમા ફસેલો અજ્ઞાની પુરૂષ દેહ અને આત્માની એકતા વડે (સમતાવડે) વ્યવહાર કરે છે. એથી અધિક બીજું અજ્ઞાન શું છે?

आत्मा प्रकाशकः स्वच्छो देहस्तामस उच्यते ।
तयोरैक्यं प्रपश्यन्ति किमज्ञानमतः परम् ॥

અર્થ—આત્મા સર્વનો પ્રકાશક જ્યોતિઃ સ્વરૂપ છે, સ્વચ્છ છે અને દેહ સદા તમોગુણવડે યુક્ત છે. તોપણ સંસારી પુરૂષ દેહ અને આત્માની એકતાવડે વ્યવહાર કરે છે. આથી અજ્ઞાન બીજું શું છે?

आत्मा नित्यो हि सद्रूपो देहोऽनित्यो ह्यसन्मयः ।
कयोरैक्यं प्रपश्यन्ति किमज्ञानमतः परम् ॥

અર્થ—આત્મા નિત્ય છે અર્થાત આદિ, મધ્ય અને અંતથી રહિત છે તેથી સત્રુપ છે, સદા એક રસ છે અને દેહ અનિત્ય છે અર્થાત ઉત્પન્ન થાય છે, બાળક થાય છે, યુવા થાય છે, વૃદ્ધ થાય છે, રોગી થાય છે, સુખ દુ:ખવડે ગ્રસિત (ઘેરાયેલો) રહે છે તથા અસત છે, નાશવાન છે, તોપણ સંસારી પુરૂષ દેહ અને આત્માને એક કરીને વ્યવહાર કરે છે; આથી અજ્ઞાન બીજુ શુ છે ' હવે આત્માને પ્રકાશક કહ્યો તો આત્માનો પ્રકાશ કેવો છે તે કહેવાય છે.

आत्मनस्तत्प्रकाशत्वं यत्पदार्थावभासनम् ।
नाग्न्यादि दीप्तिवद्दीप्ति भवत्यान्ध्यंयतो निशि ॥

અર્થ—જેમ ઘટપટાદિ પદાર્થ પ્રકાશ હોય છે (જણાય છે) તેમ આત્માનો પ્રકાશ છે. (જ્ઞપ્તિરૂપ છે, દિપ્તિરૂપ નથી.) સૂર્ય, ચંદ્ર, અગ્નિના પ્રકાશની માફક આત્માનો પ્રકાશ વિકાર પામતો નથી (સૂર્ય, ચદ્ર અગ્નીનો પ્રકાશ દિપ્તિરૂપ છે, જ્ઞપ્તિરૂપ નથી) કેમકે જ્યારે રાત્રિમા સૂર્યાદિકનો પ્રકાશ નથી હોતો ત્યારે પણ અધકાર છે એમ જણાય છે. તેથી જણાય છે કે અગ્નિ આદિકનો પ્રકાશ વિકારને પામે છે, પણ આત્માનો પ્રકાશક સ્વભાવ છે તાપણ વિકારને પામતો નથી અર્થાત્ આત્માનો પ્રકાશ સદા સર્વ જગ્યોએ રહે છે. દૃષ્ટાંત આપીને અજ્ઞાનને કહે છે જે.—

देहोऽहमित्ययं मूढो धृत्वा तिष्ठत्यहोजनः ।
ममायमि त्यपि ज्ञात्वा घटद्रष्टेव सर्वदा ॥

અર્થ —મનુષ્યની પાસે એક ઘડો હોય છે ત્યારે મારો ઘડો છે એવો વ્યવહાર કરે છે, હુ ઘડો છું એમ વ્યવહાર કરતો નથી. પણ આ દેહ મારો છે અને દેહ હુ છુ એમ સંસારી મૂઢ પુરૂષ જ્ઞાન કરે છે પણ વાસ્તવમાં એ અજ્ઞાન છે છતાં તેને ધારણ કરીને કહે છે એ મહાન આશ્ચર્ય છે.

એ પ્રમાણે દેહ જ્યારે પોતે નથી ત્યારે તેના સંબધી તો પોતે નથી તેમ પોતાના પણ નથી, કારણ કે દેહ પાચ ભુતનો છે. તો તેના સંબંધી તે પોતાના કેવી રીતે કહી શકાય, અને જ્યારે તે પોતે અગર પોતાના નથી, તો તેને માટે મરી મટવુ, તેમા આસક્ત થવુ અને એને માટે જાનમાલ સુદ્ધાં આપવું અને ખરાબ ખરાબ થઇ જવું એ કેટલી બધી મૂર્ખતા કહેવાય ? અને એ મૂર્ખતાથીજ બંધન પ્રાપ્ત થઇ ભવાટવીમા ગોથાં ખાયા કરાય છે, અને જન્મ મરણનું દુ ખ મટતુ નથી. વળી એઓ દુ ખમાંથી છોડાવનાર નથી. પણ ઉલટા એમનો સ્વાર્થ સાધવા માટે દુ ખમાજ નાખે છે, સુખ દેતાજ નથી; તોપણ અજ્ઞાની જીવ નાહકના મારાં—મારા કરી હેરાન થાય છે, છતા સુજ પડતી નથી, અને એમાજ રચ્યોપચ્યો રહે છે, ત્યારે પછી સુખની આશાજ શેની હોય ? માટે સાચું સુખ લેવું હોય તો સદ્ગુરૂ પાસે શાસ્ત્રોક્ત રીતિ અનુસાર તેની શરણે જઇ, ગુરૂ જે યુક્તિ બતાવે તેને અનુસરી વર્તી પરમેશ્વર પરમાત્મા જે સાચા સગા છે. અને સર્વ રીતે સુખ કરનાર છે, જ્યા દુ ખની ગંધ પણ નથી તથા તે સદા સર્વ પ્રાણિયોનાં હિતમાં નિઃસ્વાર્થ બુદ્ધિથી સાર્વજનિક હિત માટે સદા તત્પરજ છે, અને સદા નિત્ય શુદ્ધ મુક્ત સચ્ચિદાનદ આનદઘન સ્વરૂપ છે. તેની સાથે સ્નેહપ્રીતિ વગેરે જો-

ડવાથી સદા સુખજ મળે છે. એ પરમાત્માને પામવાને સદ્‌ગુરૂએ જે યુક્તિ બતાવી હોય તેને અનુસરીને ઉત્સાહ, સાહસ, ધૈર્ય વિગેરેયુક્ત થઇને તેનું અનુષ્ઠાન નિત્યપ્રતિ કરવુ જોઇએ અને તેમાંજ વૃત્તિ આરૂઢ કરી તન્મયીભાવ થવું જોઇએ. દૃષ્ટા જે પરમાત્મા તેની સાથે ચિત્તવૃત્તિ જોડી તન્મયીભાવ થવાય તે યોગ છે, અને તે યોગ ઉત્સાહ, ધૈર્ય, સાહસ, તત્વજ્ઞાન, નિશ્ચય અને જનસંગ પરિત્યાગ એ છ વિના યોગની સિદ્ધિ થાય નહી. કહ્યુ છે કે —

उत्साहा त्साहसाद्धैर्या त्तत्वज्ञाना श्चानिश्चायात् ।
जनसंग परित्यागात् षड्भिर्योगः प्रसिध्यति ॥

અર્થ —ઉત્સાહ, સાહસ, ધૈર્ય, તત્ત્વજ્ઞાન, નિશ્ચય, જનસંગ પરિત્યાગ એ છ સાધનોવડે યોગની સિદ્ધિ થાય છે તથા યોગવાસિષ્ટમા પણ કહેલ છે કે —

उद्यमः साहसंधैर्यबलंबुद्धिः पराक्रमम् ।
षडिमेयस्य तिष्ठन्ति ससर्वंप्राप्नुयात् पुमान् ॥

અર્થ —ઉત્સાહ, સાહસ, ધૈર્ય, બલ, બુદ્ધિ, પરાક્રમ એ છ જે પુરૂષના દૃઢ હોય તે પુરૂપ સર્વ કાર્યોને સિદ્ધ કરી શકે છે. વળી તે અભ્યાસ દીર્ઘકાળ નિરંતર સત્કારપૂર્વક સેવન કરવાથી દૃઢ થાય છે એમ યોગદર્શનમા પણ પતંજલિ ભગવાને પણ કહેલ છે જે —

सतुदीर्घकालनैरंतर्य सत्कारसेवितो दृढ भूमिः ॥

અર્થ —તે અભ્યાસ લાબો કાળ સુધી નિરંતર સત્કારપૂર્વક સેવન કરવાથી દૃઢ થાય છે. અભ્યાસની વ્યાખ્યા એમ કરી છે જે—

तत्रस्थितौयत्नोभ्यासः ॥

અર્થ —તે આસનમા બેશીને પરમાત્માના સ્વરૂપમા વારવાર વૃત્તિની સ્થિતિ કરવાનો યત્ન કરવો તે અભ્યાસ કહેવાય છે હવે પરમાત્મા જે ઈશ્વર તેમનુ સ્થૂલ શરીર વિરાટ, સૂક્ષ્મ શરીર, હિરણ્યગર્ભ, કારણશરીર ઈશ્વર અને મહાકારણશરીર બ્રહ્મ પરમાત્મા સદાશિવ છે તેમા પ્રથમ સ્થૂલ શરીર વિરાટનુ ગુરૂએ બતાવેલ યુક્તિ પ્રમાણે ધ્યાન કરવું, પછી સૂક્ષ્મ હિરણ્યગર્ભનુ, ત્યાર પછી કારણશરીર ઈશ્વરનુ અને પછી માહાકારણ સદાશિવ પરમાત્માનું ધ્યાન કરવુ અને તન્મયભાવ થવુ આ સાકાર ધ્યાન અને નિરાકાર અથવા હરી ધ્યાન પ્રણવનુ કરવુ તે છે. કારણ કે ઈશ્વરનો ઈવાચક પ્રણવ છે એમ યોગ દર્શનમા કહેલ છે જે —

સૂત્રઃ—**तस्यवाचकःप्रणवः ॥**

અર્થ - તે ઈશ્વરનો વાચક પ્રણવ છે ઈશ્વરનુ લક્ષણ એવુ કહેલ છે કે, -

क्लेश कर्मविपाकाशयैरपरामृष्ट पुरुषविशेषईश्वरः ॥

અર્થ, અવિદ્યા, અસ્મિતા, રાગ દ્વેષ, અને અભિનિવેશ એ પાચ ક્લેશ, કર્મ, કર્મના ફળ અને આશય એઓથી અપરામર્ષ પુરૂષ વિશેષ ઈશ્વર છે

સૂત્રઃ—**सएषः सर्वज्ञ सर्ववित्त ॥**

અર્થ -તે ઈશ્વર સર્વજ્ઞ અને સર્વ જાણનાર છે, અને તે સર્વ પૂર્વ પુરૂષ અને તે પછી થનારાના એ સર્વેનો ગુરૂ એ છે. અને કાળથી નાશ

પામતો નથી. એવા જે ઇશ્વર પરમાત્મા તેનો વાચક (નામ) પ્રવણ (ॐ) છે એ ॐકારનો જપ, અર્થ અને ભાવના એટલે ધ્યાન કરવાથી પ્રાપ્ત થાય છે. अ, उ, म, અને ँ અમાત્ર અને બિંદુ એઓ મળીને ॐકાર થાય છે. તે अ એટલે વિરાટ સ્થૂળ શરીર જાગ્રત અવસ્થા વિશ્વ સમજવું વિરાટ સમષ્ટિ, વિશ્વવ્યષ્ટિ એ ઇશ્વર અને જીવના સમજવા- તેજ પ્રમાણે उ–હિરણ્યગર્ભ અને તૈજસ, સ્વપ્ન અવસ્થા સૂક્ષ્મ શરીર સમજવુ, म ઇશ્વર અને પ્રાજ્ઞ, સુષુપ્તિ અવસ્થા કારણ શરીર સમજવુ, શિવ, જીવ, મહાકારણ શરીર તુર્યા અવસ્થા અને બિંદુ તે તુર્યાતીત અવસ્થા સદાશિવ પરમાત્મા જ્યોતિઃ સ્વરૂપ આહી સુધી સાકાર દીપ્તિ છે. પછી નાદ તેથી સૂક્ષ્મ આકાશ, તેથી સૂક્ષ્મ અહંકાર, મહત્તત્ત્વ, પ્રકૃતિ, પુરૂષ અને પુરૂષોત્તમ એ જ્ઞપ્તિરૂપ છે જે જણાય તે જ્ઞપ્તિ, અને દેખાય તે દીપ્તિ છે પરમાત્મા જ્ઞાન સ્વરૂપ સચ્ચિદાનંદ છે અસ્તિ ભાતિ પ્રિયરૂપ વડે સર્વત્ર વ્યાપી રહેલ છે તે પરમાત્માને પામવાને માટે યોગની એક યુક્તિ બતાવી જાય છે તે એકે સિધ્ધાસન, પદ્માસન કે સ્વસ્તીકાસન જે ઠીક પડે તે આસને પૂર્વાભિમુખ અગર ઉત્તરાભિમુખ બેશી, હાથથી જ્ઞાન મુદ્રા ધારણ કરી નાસિકાના અગ્રપર જોઇ રહેવુ અને શ્વાસોસ્વાસ બહાર જાય છે, અને અંદર આવે છે તેની સુરત રાખવી સ્વાસ બહાર નીકળતા हं, અને સ્વાસ અંદર આવતા सः ઉચ્ચાર થાય છે અને બહાર કુંભકમા हंसः તથા અંદર કુંભકમા सोहं એવા ઉચ્ચાર થાય છે. નાસિકાથી બહાર બાર આગળ પર્યંત ह કહેતા સુર્ય અથવા પ્રાણ અથવા શિવ કહેલ છે અને અંદર જતા सः કહેતા ચંદ્ર, અપાન અથવા શક્તિ કહેલ છે. જ્યાં

બહાર કુંભક તથા અંદર કુંભક થાય છે તેને સૂર્ય-ચંદ્ર યોગ અથવા પ્રાણ-અપાન યોગ અથવા શિવ-શક્તિ યોગ કહે છે. આ પ્રાણ-અપાન, સૂર્ય-ચંદ્ર અથવા શિવ-શક્તિ યોગની ગ્રંથી નાશિકા અગ્ર બહાર અને અંદર હ્રદયમા છે. ત્યાં સરત રાખવી. **હ**કાર ઉઠી બહાર લિન થયો અને **સ**કાર ઉઠયો નથી એ સમય કુંભક સ્થિતિમા તથા બહારથી **સ**કાર અંદર આવ્યો અને **હ**કાર ઉઠયો નથી એ સ્થિતિમા પરમાત્માનો વાસ સર્વ તત્વોનું મળ છે ત્યા સરત રાખવી તેને જોવું એટલે નાસિકાની અગ્રે તથા હ્રદયમા પ્રાણ-અપાનની ગ્રથી છે ત્યા સરત રાખવી અને ત્યા સ્વાસોસ્વાસ આવે અને જાય તેની સરત રાખવી, ભુલવુ નહી. નાસિકા અગ્રે દશેક મિનિટને આશરે **દ્રષ્ટિ** ઠેરાવી, પછી ભૃકુટીના મધ્યમા દૃષ્ટિ ઠેરાવવી, અને પછી હ્રદયમાં દૃષ્ટિ ઠેરાવવી. ત્યા પ્રાણ-અપાનની જે ગ્રથી છે તેમા જોવું અને ત્યા સ્વાસોસ્વાસ જાય અને આવે છે તેની સરત રાખવી —ત્યા જે અનેક દેખાવો દેખાય તેને ખોટા કરવા અને જોવાવાળામા જોવુ જોવાવાળામા મૂર્તિ વરતાય તે પોતાની અગર પરમાત્માની સાચી જાણવી. જોવાવાળાથી મુર્તિ જુદી જણાય તો તેને ખોટી કરવી. એમ ખોટી કરતાં ટાળી ન ટળે તો તે સત્ય સ્વરૂપ પરમાત્માનું જાણવું અને ટાળ્યું ટળે તે માયીક સ્વરૂપ અસત્ય જાણવું જેમ કરોળીઓ હોય ને એક સ્થભેથી બીજે સ્થંભે પોતાની લાળની જાળ બનાવી, તેમા પોતે આ સ્થંભેથી બીજે સ્થભે વચમાં ફરતો ફરે છે; તેમ એક સ્થભની જગ્યોએ સાક્ષિ પરમાત્મા છે, અને સામે બીજે સ્થંભે માયા પ્રકૃતિ અતકરણ છે, અને મધ્યે જાળરૂપી જગત-સંસાર છે અને મધ્યે કરોળીઆની જગ્યોએ જીવ છે. તે જીવરૂપી કરો

ણીઓ ક્યારે તો માયા તરફ જાય છે, અને ક્યારે સાક્ષી પરમાત્મા તરફ જાય છે અને વિશેષે કરીને મધ્યે સંસાર રૂપી જાળમાં ફસાઇ રહે છે. યોગદર્શનમાં કહ્યું છે કેઃ—

द्रष्टृदृश्ययोः संयोग हेयहेतुः ॥

અર્થ—દૃષ્ટા જે સાક્ષી પુરૂષ અને દૃશ્ય પ્રકૃતિ એ બેયની મધ્યેનો જે સંયોગ જાળ તે ત્યાગવા યોગ્ય હેતુ છે માટે એ સંસારરૂપી જાળમાંથી વૃત્તિ હઠાવીને પરમાત્મા સાક્ષી સાથે વૃત્તિ જોડી તેનો સાક્ષાત્કાર કરવો એ સાક્ષાત્કાર થયે પછી એને દૃઢ કરવા માટે રાજયોગના જે પંદર અંગ કહેલા છે તેનું સેવન કરવું એ રાજયોગનાં પંદર અંગ આ પ્રમાણે છે.

यमोहि नियमस्त्यागोमौनं देशश्चकालता ।
आसनं मूलबंधश्च देह साम्यं च दृक्स्थितिः ॥
प्राण संयमनं चैव प्रत्याहारश्च धारणा ।
आत्मध्यानं समाधिश्च प्रोक्तान्यंगानि वैक्रमात् ॥

અર્થ—યમ, નિયમ, ત્યાગ, મૌન, દેશ, કાલ, આસન, મૂલબંધ, દેહસામ્મ, દૃક્સ્થિતિ, પ્રાણ સંયમન, પ્રત્યાહાર, ધારણા, આત્મધ્યાન અને સમાધિ એ સંપૂર્ણ અંગ ક્રમથી કહ્યા છે.

૧. યમ.

સંપૂર્ણ જગત પરમાત્મા છે એમ નિશ્ચય કરીને સંપૂર્ણ ઇંદ્રિયોનો નિગ્રહ કરવો તે યમ કહેવાય છે.

૨. નિયમ.

સજાતિય પ્રવાહ અર્થાત્ હુ પરમાત્મા બ્રહ્મ છું, એમ જ્ઞાનનો પ્રવાહ, અને વિજાતીય તીરસ્કાર અર્થાત્ પરમાત્માથી અતિરિક્ત સંપૂર્ણ સસાર મિથ્યા છે. એ પ્રકારનાં જ્ઞાનને નિયમ કહે છે.

૩. ત્યાગ.

ચૈતન્યસ્વરૂપ તત્ત્વને અવલોકન કરીને જે પ્રપંચનો અર્થાત્ ઘટપટાદિ નામથી વ્યવહાર કરાયેલા પદાર્થોનો ત્યાગ કરવો છે, તે ત્યાગ કહેવાય છે

૪. મૌન.

જેને વાણી અને મન નથી પ્રાપ્ત થતા અને યોગી લોકોને પ્રાપ્ત થાય છે એવા પરબ્રહ્મ પરમાત્માનું નામ મૌન છે જેને વાણી પ્રાપ્ત ન થાય એનુ વર્ણન કોણ કરી શકે ? અર્થાત્ કોઇ નહી જો પ્રપચનુ જગતનુ વર્ણન કરીએ તો તે પણ શબ્દરહિત છે. અર્થાત્ પ્રપચ જગતમાં પણ સત્ અસત્ અનેક પ્રકારમાં પદાર્થો માલૂમ પડે છે, તે કારણ માટે પ્રપચનુ પણ વર્ણન થઇ શકતુ નથી તો પરમાત્માનુ તો વર્ણન કેવી રીતે થઇ શકે. માટે એમા વાદ વિવાદથી મૌન રહેવું, તેનું નામ મૌન છે.

૫. દેશ.

જ્યાંના આદિ, અત, મધ્યમાં ક્યાહી પણ જનન હોય, જે વડે નિરંતર સસાર વ્યાપ્ત રહે એ દેશનું નામ નિર્જન દેશ છે

૬ કાલ.

જેના નિમેષ માત્રમા બ્રહ્માદિ સર્વ ભૂતોનુ કલન સ્રિષ્ટિ, સ્થિત, પ્રલય થાય છે, તે માટે અખંડ આનંદસ્વરૂપ અદ્વયબ્રહ્મ પરમાત્માજ કાળ શબ્દ કરીને કહેવાય છે.

૭ આસન.

જેમાં સર્વદા રૂડે પ્રકારે સુખથી પરમાત્માનો વિચાર થાય, તેને આસન કહે છે.

૮ સિદ્ધાસન.

જેથી સિદ્ધ પુરૂષ સિદ્ધ કહેવાય છે, અને જેમાં સિદ્ધ પુરૂષ લીન રહે છે, અને જે વિશ્વનું અધિષ્ઠાન સ્વરૂપ અવ્યય પરમાત્મા છે, તે સિદ્ધાસન કહેવાય છે.

૯ મુલ બંધ.

આકાશાદિ પંચ ભૂતોનુ મૂલ આદિ કારણ અને જે ચિતૈકાગ્યનું મૂલ છે, તે મૂલ બંધ કહેવાય છે·

૧૦ દેહ સામ્ય.

સર્વ પ્રાણિમાં સમદૃષ્ટિ કરીને, જે સમાન પરમાત્મામાં લિન થાય છે, તે દેહસામ્ય કહેવાય છે.

૧૧ દૃક્ સ્થિતિ.

દૃષ્ટિને જ્ઞાનમય કરીને, એ દૃષ્ટિના દ્વારા પરમાત્મામય જે જગતને જોવું છે, તેજ દૃષ્ટિ પરમ ઉદાર મંગલની દેવાવાળી છે. એજ દૃક્ સ્થિતિ છે. અને જેમાં દૃષ્ટિ દર્શન દૃશ્ય એ ત્રિપુટીનો વિરામ થાય છે, તેને પણ દૃષ્ટિ કહે છે. એ દૃષ્ટિ કરવા યોગ્ય છે.

૧૨ પ્રાણાયામ.

ચિત્તને આદિ લઇને સર્વ પ્રકારનાં પદાર્થોમાં જે પરમાત્મા ભાવના કરી, સર્વ પ્રકારની ઈન્દ્રિયોની વૃત્તિયોને જે રોકવી છે, તે

પ્રાણાયામ કહેવાય છે,

રેચક, પૂરક, કુંભક.

પ્રપંચ (જગત) નો નિષેધે અર્થાત્ મિથ્યાત્વને રેચક નામે પ્રાણાયામ કહે છે, અને એક પરમાત્માજ સ્વરૂપ છે એવી જે વૃત્તિ છે, તે પૂરક નામે પ્રાણાયામ છે; અને ત્યાર પછી નિશ્ચલતાથી એક બ્રહ્મ પરમાત્માજ સર્વ રૂપ છે, એવો નિશ્ચય થાય છે, તે કુંભક પ્રાણાયામ કહેવાય છે

૧૩ પ્રત્યાહાર.

વિષયોમા આત્મત્વ (પોતાપણું) ને જોઇને અર્થાત્ સર્વ જગતને પરમાત્મામય જોઈને અને ચૈતન્ય સ્વરૂપ આત્મામા ચિત્તનું લગાવવુ છે તે પ્રત્યાહાર છે.

૧૪ ધારણા.

જ્યહાં જ્યહાં મન જાય ત્યહા ત્યહા પરમાત્મા સ્વરૂપ દર્શન પુર્વક જે મનને નિશ્ચય કરવુ છે, તે ધારણા છે.

૧૫ આત્મધ્યાન અને સમાધિ.

સંપૂર્ણ બાધાઓને દૂર કરીને, દેહાનુસંધાન પરિત્યાગપૂર્વક સંપૂર્ણ પરમાત્મામય છે, એ પ્રકારે જ્ઞાનવડે જે પરમાત્મસ્વરૂપ અવલંબન કરીને સ્થિતિ કરવી છે તેને આત્મધ્યાન કહે છે, અને નિર્વિકાર ચિત્ત થઇને પોતાને બ્રહ્મપરમાત્મસ્વરૂપ જ્ઞાનવડે, સંપૂર્ણ પ્રકારના પ્રપંચભાવનો પરિત્યાગ કરવો એ સમાધિ કહેવાય છે.

જ્ઞાન.

આ પ્રમાણે નિદિધ્યાસન કરતાં જ્યારે પરમાત્મામય આરૂઢ-

વૃત્તિ થઇ જાય છે, ત્યાર પછી જ્ઞાન થયેલ જ્ઞાની જીવ પોતાનો અનુભવ કહે છે તે જ્ઞાન આ પ્રમાણે છે —

ब्रह्मैवाहं समः शान्तः सच्चिदानंद लक्षणः ।
नाहं देहोह्यसद्रूपो ज्ञानमित्युच्यतेबुधैः ॥

અર્થ —હુ સમ અર્થાત્ સર્વમય પ્રકાશકારા છુ, અને શાંત છુ અર્થાત્ નિર્વિકાર છુ. ત્રિકાળમા વિદ્યમાન ચૈતન્યસ્વરૂપ, આનંદમયસ્વરૂપ બ્રહ્મપરમાત્મા છુ નાશવાન દેહ તે હુ નથી એ પ્રકારના જ્ઞાનને પંડિતજન તત્ત્વજ્ઞાન કહે છે

निर्विकारोनिराकारो निरवद्योऽहमव्ययः ।
नाहं देहोह्यसद्रूपोज्ञानमित्युच्यतेबुधैः ॥

અર્થ —હુ નિર્વિકાર છુ અથાત્ સદા એકરૂપ છુ નિરાકાર અર્થાત્ સાગે કોઇ આકાર નથી હુ નિરવદ્ય છુ અર્થાત્ આધ્યાત્મિક, આધિદૈવિક, આધિભૌતિક એ ત્રણ તાપથી રહિત છું. અને અવિનાશી છુ નાશવાન દેહ હુ નથી એ પ્રમાણેના જ્ઞાનને પંડિતગણ તત્ત્વજ્ઞાન કહે છે

निरामयोनिराभासो निर्विकल्पोऽहमाततः
नाहं देहोह्यसद्रूपो ज्ञानमित्युच्यते बुधैः ॥

અર્થ —હુ રોગરહિત છુ અથાત્ મને રાજ્યક્ષ્માદિ રોગ નથી થતા, મને ફળની અભિલાષા થતી નથી, હુ કલ્પના કરતો નથી અને સર્વવ્યાપી છું. હુ નાશવાન દેહ નથી. એ પ્રકારના જ્ઞાનને પંડિતજન તત્ત્વજ્ઞાન કહે છે.

निर्गुणो निष्क्रियो नित्यो, नित्यमुक्तोऽहमच्युतः ॥

नाहं देहोह्यसद्रूपो, ज्ञान मित्युच्यतेबुधैः ॥

અર્થ —હુ રજો, સત્વ અને તમોગુણરૂપ ત્રણ ગુણોએ રહિત છું ક્રિયાએ રહિત છુ, નિત્ય છુ, નિત્યમુક્ત છુ અર્થાત્ સર્વદાજ બંધ-રહિત છુ, અચ્યુત છુ અર્થાત્ સદા જ્ઞાનમય છુ હુ નાશવાન દેહ નથી એ પ્રકારના જ્ઞાનને પંડિતજન તત્ત્વજ્ઞાન કહે છે.

निर्म्मलो निश्चलोऽनन्तः शुद्धोऽह मजरोऽमरः ।

नाहं देहोह्यसद्रूपो ज्ञानमित्युच्यते बुधैः ॥

અર્થ —હુ નિર્મ્મલ અર્થાત્ સર્વ દોષોએ રહિત છુ અને નિશ્ચલ છુ અર્થાત્ ચલાયમાન નથી થતો, અનન્ત છુ અર્થાત્ મારો નાશ નથી અને શુદ્ધ છુ તથા અજર છુ અર્થાત્ વૃદ્ધ થતો નથી, અને અમર અર્થાત્ મારૂ મૃત્યુ ક્યારેય પણ થતુ નથી નાશવાન દેહ હુ નથી એવુ જે જ્ઞાન એને પંડિતજન તત્ત્વજ્ઞાન કહે છે.

अहंशब्देन विख्यात एक एवस्थितः परः ।

स्थूलस्त्वनेकतां प्राप्तः कथंस्याद्देहकः पुमान् ॥

અર્થ —આત્મા પોતે પુરૂષ અહં શબ્દવડે કહેવાય છે અને એક છે તથા સર્વથી ઉત્કૃષ્ટ છે ત્યારે કેવે પ્રકારે સ્થૂલ અનેકતાને પ્રાપ્ત દેહમય થઇ શકે છે ?

अहंद्रष्ट तया सिद्धो देहोदृश्यतयास्थितः ।
ममायमिति निर्देशा त्कथंस्याद्देहकः पुमान् ॥

અર્થ —આ મારૂં છે એમ નિર્દેશ કરવાથી આત્મા દૃષ્ટા દેખવાવાળો છે અને દેહ દૃશ્ય દેખવાલાયક છે એ પ્રમાણે પ્રતીત થાય છે, તો પછી આત્મા (પુરૂષ) કેવે પ્રકારે દેહમય થઇ શકે છે ?

अहं विकार हीनस्तु देहो नित्यं विकारवान् ।
इति प्रतीयते साक्षा त्कथंस्याद्देहकःपुमान् ॥

અર્થઃ—આત્મા વિકારરહિત છે, અને દેહ સદા વિકારવાન્ છે એમ સાક્ષાત્ પ્રતીત થાય છે તો પછી કેવે પ્રકારે આત્મા દેહમય થઇ શકે છે ?

यस्मात्परमितिश्रुत्यातया पुरुषलक्षणम् ।
विनिर्णीतं विमूढेन कथंस्याद्देहकःपुमान ॥

यस्मात्परंनापर मस्तिकिञ्चत् यस्मान्नाणीयोनज्यायोऽस्तिकश्चि ।
वृक्ष इवस्तब्धोदिवितिष्ठत्येकस्तेनेदं पूर्णं पुरुषेण सर्वम् ॥

અર્થ —એ પ્રમાણે શ્રુતિ છે. અર્થાત્ જેથી પર અપર કોઇ નથી, જેથી બીજુ કોઈ ઉત્કૃષ્ટ નથી, જેથી કોઇ સૂક્ષ્મ નથી, જેથી કોઇ પ્રધાન નથી, જે એક આત્મા વૃક્ષની માફક સ્તબ્ધ થઇ કરીને સ્વર્ગમા વર્તમાન છે તેજ આત્મા આ સંપૂર્ણ જગતને પરિપૂર્ણ રાખે છે એ શ્રુતિથી પરમાત્માનું લક્ષણ નિર્ણય કર્યું ગયુ છે તો પછી આ આત્મા કેવે પ્રકારે દેહમય થઇ શકે છે ?

सर्वं पुरुष एवेति सूक्ते पुरुष संज्ञिते ।

अप्युच्यतेयतः श्रुत्या कथं स्याद्देहकःपुमान् ॥

पुरुष एवेदं सर्वं यद्भूतं यच्च भाव्यम् ॥

અર્થ —એ શ્રુતિ છે અર્થાત્ જે કાંઇ દૃષ્ટિગોચર થાય છે તે સર્વે આત્મસ્વરૂપ છે, અને જે કાંઇ થયુ અને જે કાંઈ થશે તે સર્વે આત્મસ્વરૂપ છે એ શ્રુતિથી કહેલ પરમાત્મા દેહમય કેવી રીતે થઇ શકે છે ?

असंगः पुरुषः प्रोक्तोबृहदारण्यकेऽपिच ।

अनंतमल संश्लिष्टः कथं स्याद्देहकःपुमान् ॥

असंगोह्य यं पुरुषः ॥

અર્થ —એ શ્રુતિ છે, અર્થાત્ આત્મા સંગહીન છે એ બૃહદારણ્યક ઉપનીષદ્‌ની શ્રુતિ છે એ શ્રુતિથી પણ આત્મા અસંગ સિદ્ધ થાય છે અને દેહ અનેક પ્રકારના મળોએ લપેટાયેલો છે તો પછી કેમ પ્રકારે આત્મા દેહમય થઇ શકે છે ?

तत्रैवच समाख्यातः स्वयं ज्योतिर्हि पुरुषः ।

जडः परप्रकाश्योसौ कथं स्याद्देहकःपुमान् ॥

पुरुषो ज्योतिर्मयः ॥

અર્થ —પુરૂષ સ્વયંપ્રકાશ જ્યોતિ સ્વરૂપ છે એ શ્રુતિએ બૃહદારણ્યક ઉપનિષદ્‌માં લખેલ છે. તેથી આત્મા જ્યોતિ સ્વરૂપ છે.

અને દેહ જડ છે, ઘટાદિકની માફક પર પ્રકાશ્ય છે, તો પછી કેવે પ્રકારે આત્મા દેહ મય થઇ શકે છે ?

प्रोक्तोऽपि कर्म कांडे न ह्यात्मा देहाद्विलक्षणः ।
नित्यश्च तत्फलं भुंक्ते देह पातादनंतरं ॥
यावज्जीवमग्निहोत्रं जुहुयात् ।
अहरहः सन्ध्या मुपासीत ॥

અર્થઃ—અર્થાત્ જ્યાંહાં સુધી જીવે ત્યાહા સુધી અગ્નિ હોત્ર કરે, પ્રતિદિવસ સંધ્યા કરે ઇત્યાદિ કર્મકાડમા પણ આત્મા દેહથી અલગ નિત્ય દેહપાત થયા પછી કર્મોને ભોગવવાવાળો કહ્યો છે. એ પ્રકારે પણ આત્મા દેહાતીત દેહથી અલગ સરખો માલુમ પડે છે

लिंगंचानेक संयुक्तं चलं दृश्यं विकारिच ।
अव्यापक मसद्रूपं तत्कथं स्यात्पुमानयम् ॥

અર્થઃ—લિંગ (સૂક્ષ્મ શરીર) અને કારણ (કારણ શરીર) એ બે પ્રકારના શરીર અનેક પ્રકારના શરીરોના સંબંધ વડે યુક્ત, ચંચલ, વિકારી, એક દેશમા રહેવાવાળા અને અસત્સ્વરૂપ છે, તો પછી કેવે પ્રકારે આત્મા દેહ મય થઇ શકે છે ?

एवंदेहद्वयादन्य आत्मा पुरुष ईश्वरः ।
सर्वात्मा सर्वरुपश्च सर्वातीतोहमव्ययः ॥

અર્થઃ—એ પ્રમાણે આત્મા સ્થૂલ અને સૂક્ષ્મ બંને પ્રકારનાં દેહોથી અલગ અને ઈશ્વર છે, સર્વવ્યાપક છે, સર્વરૂપ છે, સર્વથી

અતીત છે અર્થાત્ જેથી પર બીજું કોઇ નથી. સર્વથી શ્રેષ્ઠ છે. અહં શબ્દ વડે કરીને કહેવાય છે. ભૂત, ભવિષ્ય, વર્તમાન ત્રણે કાળમાં એક રસ છે.

चैतन्य[illegible]त्वाद्भेदो युक्तो न कर्हिचित् ।
जीवत्वं च मृषाज्ञेयं रज्जौ सर्प ग्रहो यथा ॥

અર્થ—ચૈતન્ય (ભૂત ભૌતિક પ્રપંચનું જે આધાન છે, તેને ચૈતન્ય કહે છે.) નું એક રૂપ હોવાથી અને આત્માનું ચૈતન્ય સ્વરૂપ હોવાથી દેહ અને આત્માનો ભેદ ક્યારે પણ યુક્તિ યુક્ત નથી. જેમ દોરડામા સર્પનો ભ્રમ થાય છે, વાસ્તવમા તે સર્પ નથી તેમ આત્માથી ભિન્ન જીવનું માનવું વૃથા છે.

જે સમય રજ્જુના સ્વરૂપનું અજ્ઞાન હોય છે અર્થાત્ આ રજ્જુ (દોરડું) છે જ્યારે એવુ જ્ઞાન નથી થતું ત્યારે દોરડામાં ભ્રાંતિ થાય છે અર્થાત્ અજ્ઞાનથી દોરડું સર્પ સમજે છે. એમ જ્યાહા સુધી આત્માનુ જ્ઞાન નથી થતું ત્યાહાં સુધી અજ્ઞાન વશથી આત્માના વિષયમા પુરૂષ અનેક પ્રકારની કલ્પના કરે છે. પરમાત્મા બ્રહ્મના સિવાય આ પ્રપંચનુ ઉપાદાન કારણ બીજું કોઇ થઇ શકે નહી, તેથી સંપૂર્ણ પ્રપંચ બ્રહ્મ પરમાત્માજ છે અર્થાત્ સર્વ સંસાર બ્રહ્મ પરમાત્મ સ્વરૂપજ છે બીજું કાંઈ છેજ નહીં.

॥ ब्रह्मैव सर्वमप ं न हिकिञ्चिदस्ति ॥

અર્થ—જે કાંઇ છે તે બ્રહ્મજ છે. બીજુ કાંઇ છે નહીં. એ પ્રમાણે શ્રુતિના કહેવાથી આત્માનો વ્યાપ્ય વ્યાપક ભાવ મિથ્યા છે એમ જણાય છે. એ પ્રમાણે સર્વોત્કૃષ્ટ અર્થાત્ સર્વથી શ્રેષ્ઠ આત્માને જા-

સ્યા પછી ભેદનો તો અવસર છેજ નહીં. વેદની શ્રુતિ સાક્ષાત્ પોતે જગતનું અનેકપણું દૂર કરે છે. એ પ્રમાણે બ્રહ્મ અદ્વિતિય અર્થાત કારણ હોવાથી કેવે પ્રકારે ભેદ જ્ઞાન થઇ શકે છે?

मृत्योः समृत्यु माप्नोति यइह नानेब पश्यति ॥

અર્થાત્ જે સંસારને અનેક રૂપ માને છે, એને વારંવાર જન્મ મૃત્યુ નરક ભોગ કરવો પડે છે ઇત્યાદિ શ્રુતિદ્વારા જેને અનેકપણું જુવે છે તેને દોષ થાય છે એવું કહે છે. મનુષ્ય માયાથી વચિત થઇને જગતના અનેકપણાનો અનુભવ કરે છે

यतोवा इमानि भूतानि जायन्ते ॥

એ શ્રુતિ છે અર્થાત્ જે થકી આ સર્વે પ્રાણિયો ઉત્પન્ન થાય છે. ઇત્યાદિ શ્રુતિથી સમસ્ત પ્રાણી બ્રહ્મ પરમાત્માથીજ ઉત્પન્ન થાય છે. માટે સર્વે બ્રહ્મ રૂપજ છે એમ નિશ્ચય છે બ્રહ્મજ સપૂર્ણ પ્રકારના નામ અને અનેક પ્રકારના રૂપ ધારણ કરે છે, અને અનેક પ્રકારનાં કર્મ ધારણ કરે છે એમ સાક્ષાત્ શ્રુતિ કહે છે જેમ સુવર્ણથી કટક કુંડલાદિ બનાવાય છે જ્યાંસુધી કુંડલાદિ આકાર રહ્યો ત્યા સુધી રહ્યા, પછી તેને ગાળવાથી સુવર્ણનું સુવર્ણજ થઇ જાય છે, તેમ આ બ્રહ્મથી ઉપન્ન થયેલ સમગ્ર જગત્ સંસાર જ્યાં સુધી કોઈ આકારમા રહે છે ત્યાંસુધી રહે છે, અને અંતમાં આકાર દૂર થવાપર તો બ્રહ્મજ થાય છે જે પુરૂષ જીવાત્મા અને પરમાત્મામા કાઇ પણ ભેદ કરે છે અને માને છે તે મૂઢ પુરૂષ ભયને પામે છે અર્થાત એના ચિત્તને કદાપી પણ શાતિ થતી નથી. જે અવસ્થામાં અજ્ઞાન વશથી દ્વૈત થાય છે એ અવસ્થામા એક પ-

કાર્થ બીજા પદાર્થનું દર્શન કરે છે. જ્યારે આત્મજ્ઞાન થાય છે ત્યારે કોઇને અન્ય કાંઇ માલમ પડતુ નથી જે અવસ્થામાં પુરૂષ સર્વ પ્રપંચને આત્મસ્વરૂપ માને છે, એ અવસ્થામા મનુષ્યને અદ્વૈત જ્ઞાન હોવાથી શોક મોહ થતા નથી

॥ सर्वा अयमात्मा ब्रह्म विज्ञान मयः ॥

અથાત્ પરમાત્મસ્વરૂપ બ્રહ્મજ સર્વાત્મક રૂપ સ્થિત છે, એમ બ્રહદારણ્યક ઉપનિષદ્ની શ્રુતિએ નિશ્ચય કર્યો છે જેમ સ્વપ્નાવસ્થામાં સ્વપ્નમા દેખેલા પદાર્થ સંપૂર્ણ સત્સ્વરૂપ માલમ પડે છે, સ્વપ્નથી બીજી ક્ષણમા જાગતાજ સર્વ અસત્સ્વરૂપ થઇ જાય છે તેમ આ સંસાર જગતનો વ્યવહાર સત્ય માલમ થાય છે અને અસત્સ્વરૂપ થાય છે જાગ્રત અવસ્થામા સ્વપ્ન મિથ્યા માલમ થાય છે, સ્વપ્નઅવસ્થામા જાગ્રત મિથ્યા માલમ જણાય છે. થાય છે. અને સુસુપ્તિ અવસ્થામા સ્વપ્ન જાગ્રત બન્ને મિથ્યા થાય છે એમ સ્વપ્ન અને તમોગુણથી બનેલ જાગ્રત, સ્વપ્ન અને સુસુપ્તિ ત્રણે ઉપર કહેલ પ્રકારથી મિથ્યા થાય છે એ ત્રણે અવસ્થાનો સાક્ષી ગુણાતીત અર્થાત્ ગુણરહિત ચિન્મય અર્થાત્ ચૈતન્યસ્વરૂપ સત્ય છે જેમ જલજ તરંગ રૂપ દેખવામા આવે છે, અને તામ્ર પાત્રાકાર દેખવામા આવે છે એમ આ આત્માજ બ્રહ્માંડાકાર થઇને દ્રષ્ટિગોચર થાય છે જેમ સદા ઘટ અને મૃત્તિકાનો કાર્ય કારણ ભાવ દેખવામા આવે છે તેમ શ્રુતિઓથી અને યુક્તિઓથી પ્રપચ અર્થાત્ જગત અને બ્રહ્મનો કાર્ય કારણ ભાવ જણાય છે. જેમ ઘડાના વિષયમા વિચાર કરતા કરતા અંતમા મૃત્તિકાજ નિશ્ચય થાય છે, તેમ આ સંસાર

જગતના વિષયમા વિચાર કરતા કરતા પ્રમાણોના વિના પ્રકાશવાન્ બ્રહ્મજ પ્રતીત થાય છે.

જેમ એકજ દોરડું અજ્ઞાની પુરૂષોને ભ્રમથી સર્પ જણાય છે. અને જ્ઞાનવાન પુરૂષોને દોરડુંજ જણાય છે તેમ એકજ પરમાત્મા સવદા જ્ઞાનિઓને શુદ્ધ સ્વરૂપ અને પ્રકાશવાન માલુમ થાય છે, અને અજ્ઞાનિઓને શુદ્ધ સ્વરૂપ અને પ્રકાશવાન નથી જણાતો. વસ્તુતાએ પરમાત્મા શુદ્ધ સ્વરૂપ અને પ્રકાશવાન્ છે. ઇતિ શિવમ્.

॥ ॐ शान्तिः शान्तिः शान्तिः ॥

લી. શ્રી શંકર જગન્નાથ તીર્થસ્વામી

ના નારાયણ સ્મરણ.

સાક્ષાત્કાર થયા પછી ચક્ર ભેદ કરવો હોય તો તે પણ થઇ શકે છે અને તેનો લય કરી છેવટે પાછું એકજરૂપ રહે છે અને તે ઉપર પણ એજ નીચે પણ એજ છે. એ સિવાય બીજો કોઈ જોવામા આવતો નથી

શ્રી શંકર જગન્નાથ તીર્થ સ્વામીજી આશ્રિત.

श्री सन तन धर्मोत्तेजक मंडळ.

ના પ્રચાર પહેલાને થયેલી દ્રવ્ય મદદ

૫૧-૪-૦	શ્રી શંકર જગન્નાથ તીર્થ સ્વામી જગન્નાથપુરી	
૧૫-૦-૦	શ્રી સનાતન આશ્રમ	કરાચી.
૧-૦-૦	સોમપુરા સલાટ જેઠાલાલ	ધ્રાગધ્રા
૧-૦-૦	,, ,, ખુશાલ	,,
૦-૮-૦	,, ,, ચુનીલાલ	,,
૧-૦-૦	,, ,, મોહનલાલ	,,
૧-૦-૦	,, ,, જેરામ	,,
૦-૮-૦	,, ,, મણીશંકર	,,
૦-૪-૦	,, ,, જુઠાભાઇ	,,
૧-૦-૦	,, ,, જટાશંકર	વઢવાણ
૩-૦-૦	કેશવલાલ મહીપતરામ	અમદાવાદ
૩-૦-૦	વૈદ્યરાજ ચુનીલાલ (ગૌરીકાન્ત ઔષધાલય)	,,
૧-૦-૦	રામપ્રસાદ મનસુખરામ	ગોંડલીઆ.
૧-૦-૦	ગં. સ્વ. બેન પરસનબા	અમદાવાદ.
૧-૦-૦	વિજળીબેન	,,
૧-૦-૦	બેન મણી છોટાલાલ	,,

ઉપર પ્રમાણે જેજે સદગ્રહસ્થો તરફથી મદદ મળી છે તેથી તેમનો પ્રેમ પૂર્વક આભાર માનીએ છીએ.

...કમલાલ હરિભાઈ ભગત ...
માજી થર્ડ કલાસ અને હજુર કોર્ટ પ્લીડર.
હાલ ઘાસીરામની પોળ સારંગપુર—અમદાવાદ.

નીચેના પુસ્તકોના કર્તા.

જીવન ચરિત્ર (બ્રહ્મનિષ્ટ મહારાજશ્રી ભટ્ટ વૈજનાથ મો[illegible]જીનુ)

કીંમત પાકુ પુઠું ૧-૦-૦ કાચુ [illegible]-૦

શ્રી બાળકૃષ્ણ ઉતર ગીતા તથા લઘુ રામાયણ કીં. ૦ [illegible]

ઉપરના પુસ્તકો મંગાવનારે ઉપરના શીરનામેથી [illegible] **થી મંગાવી લેવાં.**

પ્રવાહ બીજા માટે બે બોલ.

અમો અમારા પ્રવાહ પહેલામાં લખી ગયા છીએ અધિકારીજનોને વિના મુલ્યે હવે પછી પ્રગટ થયા પ્રવાહ આપવામાં આવશે પણ કેટલાંક સભ્યજનોનું એવું કહેવું થયું કે વિના મૂલ્યે અપાતા પુસ્તકોની કિંમત થતી નથી જે કેટલેક દરજ્જે સત્ય હોઈ આ પ્રવાહની ફકત નામ ૦-૧-૦ કિંમત રાખવામાં આવી છે.

લી૦

પ્રકાશક

પુસ્તકો મળવાનું ઠેકાણું.

શ્રી સનાતન ધર્મોત્તેજક મંડળ શ્રી શંકર જગન્નાથ તીર્થ સ્વામીજીની સ્વારીમાં અગર કેશવરામ મહીપતરામ શ્રી રામજીની શેરી ખાડીઆ—અમદાવાદ.